

## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# જિલ્લામાં રીસર્વેના પ્રશ્ને સરકાર-વિપક્ષ વચ્ચે વાકયુદ્ધ

**જમીન રીસર્વેનો મુદ્દો ૧૫ મિનિટ ચર્ચાયો : રીસર્વેમાં ભૂલ વર્ગ વિગ્રહ કરાવશે : ધાનાણી : સરકાર ખેડૂતોની છે અને ખેડૂતોને અન્યાય નહિ થાય તેનો જમીનનો હક્ક ડૂબવા નહિ દેવાય : નીતિન પટેલ**

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોત્તરીના સમયગાળા દરમ્યાન રીસર્વેને લઈ સરકાર અને વિપક્ષ વચ્ચે થોડીક શાબ્દીક ઉત્તેજનાઓ જોવા મળી હતી. એક તબક્કે પરેશ ધાનાણીએ જમીન રીસર્વેમાં ભૂલોથી વર્ગવિગ્રહ ફાટી નીકળશે તેવી ચેતવણી આપી હતી.

જો કે આ પછી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે દરમ્યાનગીરી કરતાં જણાવ્યુ હતુ કે ખેડૂતોની આ સરકાર છે અને ખેડૂતોના હિતમાં જ નિર્ણય કરે છે. તેમણે કહ્યુ કે અગાઉ આજ મુદ્દે ગૃહમાં અર્ધા કલાકની ચર્ચા થઈ હતી. હમણાં પણ રાજ્ય મંત્રીમંડળમાં આ મુદ્દા પર વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. ખેડૂતોને અન્યાય નહિ થાય તેવી કાળજી સરકાર લઈ જ રહી છે.

જ્યાં સુધી પ્રમોલગેશનની વાતનો સવાલ છે તેમાં મુદત પૂર્ણ થયા બાદ પણ વધારો કરી આપવામાં આવ્યો છે. હજુ પણ રજુઆતો મળશે તો જ્યાં પ્રમોલગેશન હશે ત્યાં ખેડૂતોને સંતોષ ના થાય ત્યાં સુધી પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ નહિ કરાય. ખેડૂતનો જમીનનો હક્ક ડુબશે નહિ એ બાબતની અમે સંપૂર્ણ કાળજી રાખી રહ્યા છીએ.

કોંગીના માણસાના ધારાસભ્ય સુરેશ પટેલે ગાંધીનગર-ડાંગના રિસર્વેને લઈ પુછેલા પ્રશ્ન પર વિપક્ષે આજે પૂરક પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો અને ૧૫ મિનિટ સુધી આ પ્રશ્ન ચર્ચાયો હતો.

**● ગાંધીનગરના પ્રશ્નો**

આજે મહેસુલ, શ્રમ રોજગાર અને સામાજિક ન્યાય અધિકારીતા વિભાગની પ્રશ્નોત્તરીમાં ગાંધીનગરને લગતા પાંચ પ્રશ્નો ૧ થી ૨૫ ક્રમાંકમાં આવ્યા હતા. જ્યારે ચાર પ્રશ્નો ૧૦૦થી ઉપરના ક્રમાંકમાં પુછાયા હતા.

**વિકલાંગોને શિષ્યવૃત્તિ**

ભાજપના દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિકલાંગોને અપાયેલ શિષ્યવૃત્તિ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજીક ન્યાય અધિકારિતા મંત્રીએ જણાવ્યું છે કે ૩૦૧ અરજીઓ મળી હતી. જે પૈકી ૩૦૦ અરજી મંજૂર કરી અને રૂ. ૩,૯૧,૫૦૦ની શિષ્યવૃત્તિ અરજદારોને ચૂકવી આપવામાં આવી છે.

**● અનુ. જાતિના છાત્રાલયો**

ભાજપના જ શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ ૨ સરકારી છાત્રાલય અને ૪૦ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો આવેલા છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૦૧૭-૧૮માં આ છાત્રાલયો પૈકી

● અનુસંધાન પાન-૭ પર

# કોર્ટ બિલ્ડીંગની કામગીરીને અનુલક્ષી વકીલો માટે વૈકલ્પિક બેઠક વ્યવસ્થા કરાશે

**કોર્ટ પાછળના મેદાનમાં શેડ બનાવાનુ કામ શરૂ કરાયુ**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં કોર્ટ બિલ્ડીંગમાં વધુ નવા માળ બાંધવાનુ કામ ટુંકમાં શરૂ કરવા માટે આયોજન કરી દેવાયુ છે. હાલ આ કાર્યયોજનાને અનુલક્ષી વકીલોની બેઠક માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાનુ કામ હાથ ધરાયુ છે. કોર્ટ બિલ્ડીંગની પાછળ સ્થિત ખાલી મેદાનમાં વકીલો માટે ખાસ શેડ તૈયાર કરવામાં આવી રહયા છે. શેડનુ કામ પુર્ણ થયા બાદ ટુંકમાં જ કોર્ટ બિલ્ડીંગને અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાશે.

સે-૧૧માં સ્થિત જિલ્લા ન્યાયાલયના બિલ્ડીંગને વધુ સુવિધાયુક્ત બનાવવા માટે તેમજ હયાત બિલ્ડીંગમાં નવા માળ બાંધવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જો કે કોર્ટ બિલ્ડીંગની કામગીરી દરમિયાન સંકુલમાં સ્થિત વકીલોના બેઠક શેડને અન્ય ખસેડવાની અનિવાર્યતા હોવાના લીધે તંત્ર દ્વારા આ મામલે યોગ્ય અભ્યાસ હાથ

● અનુસંધાન પાન-૭ પર


ભારત સરકાર

## યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય

**રાષ્ટ્રીય યુવા વાહિની યોજના હેઠળ નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગરમાં ૧૦ સ્વયં સેવકો (National Youth Volunteer)ની ભરતી કરવા માટે અરજીઓ મંગાવે છે.**

ભારત સરકારને એવા યુવાનોની જરૂર છે કે જે તેમની ઉર્જા અને ક્ષમતાઓને રાષ્ટ્ર નિર્માણની પ્રવુત્તિઓ માં સ્વયંસેવકોના જુથના માધ્યમથી સહભાગી થઈ શકે. આ માટે એવા યુવાનો કે જેઓ આરોગ્ય, સાક્ષરતા, ડીજીટલ ઈન્ડિયા, સ્કીલ ડેવલપમેન્ટ, પર્યાવરણ, રક્તદાન, યુવા પ્રવુત્તિઓ, સામાજિક જનજાગૃતિ વગેરે મુદ્દાઓ પર જાગૃતિ કાર્યક્રમો કરી શકે તેમજ આકસ્મિક પરિસ્થિતિમાં સરકારી તંત્રને મદદ કરી શકે અને સરકારશ્રીના વિવિધ કાર્યક્રમોનું અમલીકરણ કરી શકે તેવા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવે છે.

**લાયકાત :-**

(૧) સ્વયંસેવક (National Youth Volunteer) ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ હોવો જોઈએ. સ્નાતક તથા ઉચ્ચ શિક્ષણ ધરવતા ઉમેદવાર ને પસંદગી માં અગ્રતા આપવામાં આવશે.
(૨) સ્વયંસેવકની ઉંમર તારીખ ૦૧.૦૪.૨૦૧૮ ના રોજ ૧૮ થી ૨૯ વર્ષ સુધીની હોવી જોઈએ.
(૩) સ્વયંસેવક રેગ્યુલર સ્ટુડંટ ના હોવા જોઈએ. અભ્યાસ ચાલું હોઈ તેવા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે નહિ.
(૪) બેઝીક કોમ્પુટરનં જ્ઞાન તથા એન્ડ્રોઈડ ફોન ધરાવતા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.
(૫) **માનદવેતન** : પસંદ થયેલ સ્વયંસેવકને દર મહિને રૂ. ૫૦૦૦.૦૦ માનદવેતન આપવામાં આવશે.
(૬) આ કોઈ પગારવાળી કાયમી નોકરી નથી કે સ્વયંસેવક ને કાયમી સરકારી નોકરી માટે દાવો કરવાનો કોઈ કાયદાકીય અધિકાર પણ નથી.

**અરજી કેવી રીતે કરશો** : સ્વયંસેવકે નેહરુ યુવા કેન્દ્ર સંગઠનની વેબસાઈટ www.nyks.rog પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજીની એક કોપી જરૂરી પ્રમાણપત્રોની નકલો સાથે નેહરુ યુવા કેન્દ્રના નીચે જણાવેલ સરનામે તારીખ ૧૩.૦૩.૨૦૧૮માં મોકલી આપવાની રહેશે.

**સરનામું : યુવા સંયોજક શ્રી**
**નહેરૂ યુવા કેન્દ્ર**
**બ્લોક નં ૧૦/૧ "ચ" ટાઈપ સેક્ટર ૩૦, ગાંધીનગર ૩૮૨૦૩૦**
**ફોન નં ૨૩૨૬૨૦૦૫**




સાંસ્કૃતિક ધમધમાટ - સંસ્કૃતિ કુંજમાં વસંતોત્સવના આરંભના પગલે શહેરમાં સાંસ્કૃતિક ધમધમાટ વધી ગયો છે... બપોર બાદ શહેર અને આસપાસના કલાપ્રેમીઓ સંસ્કૃતિ કુંજ ખાતે ઉમટે છે... સાંજે તો મેળાનો માહોલ જામે છે... સંસ્કૃતિક કુંજ ગાંધીનગરના જનજીવનમાં જોડાયેલ ઉત્સવ બની ગયો છે...

# જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪૫,૧૫,૩૪૭ ચોરસમીટર જમીન બિન ખેતી કરાઈ છે

**આ પેટે જિલ્લાને બે કરોડ, અગિયાર લાખ, અડતાલીસ હજાર ચારસો અઠ્ઠાણુની આવક થઈ છે : જિલ્લામાં ૨૫૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે : મંત્રીશ્રી**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪૧,૫૧,૩૪૭ ચો.મી. જમીન નોન એગ્રીકલ્ચરલ કરવામાં આવી છે અને તે પેટે જિલ્લાને રૂ. ૨,૧૧,૪૮,૪૯૮ની આવક થઈ છે.

ઉપરોક્ત વિગતો રાજયના મહેસુલમંત્રી કૌશિક પટેલે આજે રાજય વિધાનસભા ગૃહમાં કોંગીના સભ્ય શૈલેષ પરમારે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં આપતાં જણાવ્યું હતું.

ભાજપના રાકેશ શાહે પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે નોન એગ્રીકલ્ચરલની મંજૂરી માટે હાલ ૧૨ થી ૧૪ પ્રકારના ના.વાંધા પ્રમાણપત્રો તથા અભિપ્રાયો સાથે અરજદારે અરજી કરવાની હોય છે. ભૂતકાળમાં ૨૬ થી ૨૭ જેટલી બાબતોને ધ્યાનમાં લેવામાં આવતી.

તેમણે જણાવ્યુ હતુ કે વહીવટીય સરળીકરણ તેમજ અરજદારને પણ ઝડપી આ મંજૂરી મળે તે માટે ૨૦૦૮ અને ૨૦૧૧માં તેમાં સુધારા કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો હતો. જેમાં અભિપ્રાયો અને ના.વાંધા પ્રમાણપત્રોની સંખ્યામાં ઘટાડો કર્યો છે.

૬ જેટલા ના વાંધા પ્રમાણપત્રો અરજદારે આપવાના

● અનુસંધાન પાન-૭ પર

# માણસા તાલુકાના ૪ ગામમાં હજુ જમીન માપણીની કામગીરી જ થઈ નથી : સુરેશ પટેલ

**જિલ્લાના ૨૬૬ ગામોમાં માપણી પૂર્ણ થઈ છે તે પૈકી ૨૫૯ ગામોમાં પ્રમોલગેશન પણ સંપન્ન થયુ છે : કૌશિક પટેલ**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સૌલેયા, પલિયડ, બાપુપુરા અને પરબતપુરામાં જમીન રી સર્વેની કામગીરી થઈ જ નહિ હોવાનો ગંભીર આક્ષેપ કોંગીના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે આજે વિધાનસભાગૃહમાં પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન કર્યો હતો.

ગાંધીનગર અને ડાંગ જિલ્લાના રી-સર્વેની કામગીરી અંગે સુરેશ પટેલે પુછેલા પ્રશ્ન પર ૧૫ મિનિટ સુધી ચર્ચાઓ ચાલી હતી. આ ચર્ચાઓ દરમ્યાન વિપક્ષી નેતાએ જમીન રી-સર્વેની ભૂલો રાજ્યમાં વર્ગ વિગ્રહ થાય તેવી સ્થિતિનું નિર્માણ કરવા જઈ રહી હોવાની વાત કહી સૌને ચોંકાવી દીધા હતા. જોકે આ પછી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે દરમ્યાનગીરી કરી પરિસ્થિતિને થાળે પાડી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# પાટણના દલિત આત્મવિલોપન મુદ્દે ગૃહમાં હોબાળો

ગાંધીનગર,તા. ૨૬

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે પાટણમાં ભાનુભાઈ વણકરના આત્મવિલોપનનો મામલો બહુ ગાજયો હતો. કોંગ્રેસના પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે દલિત આત્મવિલોપનો મુદ્દો ઉઠાવતાં મામલો ગરમાયો હતો. એક તબક્કે વડગામના અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ બોલવાનું શરૂ કરતાં જ અધ્યક્ષે તેમનું માઈક બંધ કરવાની સૂચના આપી હતી, જેને પગલે વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યો તરત જ મેવાણીના સમર્થનમાં આવી ગયા હતા અને ગૃહમાં જોરદાર હંગામો અને હોબાળો મચાવ્યો હતો. દલિત યુવા ધારાસભ્ય જીગ્નેશ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરની સ્વચ્છતા અંગે પ્રભારી સચિવની નારાજગી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરની સ્વચ્છતા ઝુંબેશને લઈ આજે પ્રભારી સચિવ સંજીવકુમારે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી એટલુ જ નહિ શહેરમાં રખડતા પશુઓ અને તેમાંય શેરી કૂતરાઓને પકડવાની ઝુંબેશ સઘન બનાવવા કડક થઈ આગ્રહ કર્યો હતો.

પ્રભારી સચિવશ્રીએ શહેરમાં વધતા જતા અકસ્માતના બનાવો અંગે પણ આજની બેઠકમાં ચિંતાની લાગણી વ્યક્ત કરી પોલીસતંત્રને ટ્રાફિક નિયમન બાબતે અસરકારક કામગીરી કરવા જણાવ્યુ હતુ.

સંજીવકુમારે જિલ્લામાં આગામી ઉનાળાના સમયમાં પીવાના પાણીની સમસ્યા અંગે પણ વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. તેમણે આ બાબતે તંત્રને સતર્ક રહી કામગીરી આગળ ધપાવવા માટે આગ્રહ કર્યો હતો. પ્રભારી સચિવશ્રીએ જિલ્લાના પાણીની માંગ અને પુરવઠા અંગે ખુબજ ઝીણવટતાથી ચર્ચાઓ કરી હતી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ચર્ચા દરમ્યાન તેમણે માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દર ઘટે તેના પર ખાસ ભાર મુક્યો હતો.

આ બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ વિવિધ વિભાગોની ક્ષેત્રિય કચેરીઓને જે લક્ષ્યાંકો આપવામાં આવ્યા છે તે ૧૦૦ ટકા સિદ્ધ થાય તે રીતે કામગીરી પૂર્ણ કરવા જણાવ્યુ હતુ.

શહેરની સ્વચ્છતા અંગે નારાજગી વ્યક્ત કરતાં જે રીતે કચરો ઉપાડી અને સફાઈ થવી જોઈએ તે ન થતી હોવાનું જણાવ્યુ હતુ. રોડની સાઈડોમાં વન વિભાગ દ્વારા કરાયેલ ફેન્સીંગની અંદરની સફાઈ નહિ થતી હોવાની વાતને લઈ તેમજ સેન્ટ્રલ વર્જમાં જે રીતે કચરાના ઢગલા થાય છે તે સત્વરે દૂર કરવા આગ્રહ રાખ્યો હતો.

આજની આ બેઠકમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, મ્યુનિ. કમિશ્નર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. એક કલાકથી વધુ આ બેઠક ચાલી હતી.

**હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી**

# દાહોદ-ઝાલોદ રૂટમાં રોજ ૧૦ બસો દોડશે

**ગાંધીનગરથી પંચમહાલ જિલ્લામાં જનારાઓની સંખ્યાને ધ્યાને લઇ એસ ટી તંત્ર દ્વારા ખાસ આયોજન**

ગાંધીનગર તા ૨૬

હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી એસ ટી તંત્ર દ્વારા પ્રતિવર્ષ વધારાની બસો દોડવાનુ આયોજન કરવામાં આવે છે. જેને અનુલક્ષી આજથી એસ ટી તંત્રએ ખાસ બસ સેવા શરૂ કરી દીધી છે. હોળીના પર્વ દરમિયાન ગાંધીનગરથી પંચમહાલ જિલ્લામાં દાહોદ અને જાલોદ સહીતના વિસ્તારમાં જવા માટે વિશેષ ટ્રાફિક રહે છે. જયારે આ વિસ્તારમાં મુસાફરોના ટ્રાફિકને પહોંચી વળવા માટે રોજ ૧૦ બસો દોડાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

લગ્ન વર્ધી તેમજ સરકારી કાર્યક્રમો અને ધાર્મિક વાર તહેવાર નિમિત્તો એસ ટી તંત્ર દ્વારા મુસાફરોને અનુલક્ષી વધારાની બસ સેવા દોડાવાનુ આયોજન કરવામાં આવે છે. લગ્નવર્ધીમાં પણ એસ ટી તંત્ર દ્વારા બસો ફાળવવામાં આવે છે. જયારે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમના આયોજનને અનુલક્ષીને પણ ટ્રાફિકને પહોંચી વળવા માટે એસ ટી તંત્ર દ્વારા જરૂરી રૂટમાં ફેરફાર કરવામાં આવે છે. આગામી હોળી ધુળેટીના પર્વને અનુલક્ષીને પણ એસ ટી તંત્ર દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ દાહોદ જાલોદ અને સંતરામપુર વિસ્તારમાં વધુ બસો દોડાવવા માટે આયોજન કરાયુ છે. હોળી ધુળેટીના પર્વ દરમિયાન એસ ટી ના આ રૂટોમાં વિશેષ ટ્રાફિકની અવરજવર રહે છે. ત્યારે ગાંધીનગરથી પણ પંચમહાલ જિલ્લા ઉપરાંત રાજસ્થાન તરફના રૂટમાં જતા મુસાફરોની સંખ્યા વિશેષ હોય છે. જેને અનુલક્ષી એસ ટી તંત્ર દ્વારા હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી આજથી દાહોદ જાલોદ સહીતના રૂટમાં ખાસ બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. આજથી હોળીના પર્વ સુધી રોજ આ રૂટમાં વધારાની બસો દોડશે. જેથી ગાંધીનગરથી વતનમાં જનારાઓને બસ સેવા માટે કોઈ હાલાકી વેઠવી નહીં પડે





**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

## કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com